### આણંદ મનપાની ટિકિટ વહેંચણીમાં સેન્સ માત્ર દેખાડો રહ્યો , કેટલાક કિસ્સામાં નિયમો નેવે મુકાયાં

# આણંદ મનપાની સેન્સમાં આવ્યા ન હોય તેને પણ ટિકિટ અપાતાં નારાજગી

**ધારાસભ્યની** ‘ગુડ બુક’ હોય તેને પ્રાધાન્ય અપાતાં ગણગણાટ શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા.11

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ દ્વારા મોડે મોડે જાહેર થયેલાં નામોને લઈ અનેક વોર્ડમાં ભારે ઉહાપોહ મચી ગયો છે. ખાસ કરીને જે લોકો સેન્સમાં હાજર પણ રહ્યા નથી, તેમના સીધા નામો જાહેર કરાયાં છે. તેવી જ રીતે પતિના સ્થાને પત્નીને ટિકિટ આપવાની પ્રથાને લઈને પણ છુટો ગણગણાય સંભળાઈ રહ્યો છે.

કરમસદ - આણંદ મનપામાં આણંદ, વિદ્યાનગર, કરમસદ પાલિકા ઉપરાંત ચાર ગામડાંનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જોકે, આ વિસ્તાર ભાજપ શાસિત પાલિકા અને પંચાયત હોવાથી દાવેદારોની સંખ્યા વધી હતી. તેમાંય સેન્સ વખતે કેટલાક કડક નિયમો રાખતાં મામલો વધુ ગરમ થયો હતો. જેના કારણે ચૂંટણી ફોર્મ ભરવાના આગલા દિવસ સુધી સસ્પેન્સ સર્જાયું હતું. છેક મોડી સાંજે નામો જાહેર કરવામાં આવ્યાં હતાં અને જે ડર હતો તે મુજબ અનેક જુના કાર્યકર્તા, હોદ્દેદારોએ બળાપો કાઢવાનો શરૂ કરી દીધો હતો. એટલે સુધી કે જે નિયમો હેઠળ નામ કપાયાની દલીલ મોવડીઓએ કરી હતી, તે જ નિયમ નેવે મુકી અન્યને ટિકિટ આપી હતી. આ વાતને લઈને ભારે નારાજગી જોવા મળી રહી છે. વોર્ડ નં.13ના ચેતનાબહેન ચાવડા અને વોર્ડ નં.12ના મયુર સુથાર બન્ને સેન્સમાં ક્યાંક જોવા મળ્યાં નહતાં. આમ છતાં તેમને ટિકિટ ફાળવવામાં આવી છે.

કરમસદ અને વિદ્યાનગર પાલિકા માત્ર બબ્બે વોર્ડમાં જ સમાઈ જતાં, સ્થાનિક કાર્યકર અને નેતાઓમાં સોપો પડી ગયો છે. વિદ્યાનગર પાલિકા સો ટકા ભાજપમય હોવા છતાં તેમાંથી ગણતરીના ઉમેદવારોને જ સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ટિકિટ વહેંચણીમાં પણ માનિતા પ્રત્યે સોફ્ટકોર્નર જોવા મળ્યો છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, નવા સીમાંકનમાં જ્ઞાતિ અનામત બેઠકમાં નામ કપાય તેવા હોદ્દેદારે તેમના પત્નીને ટિકિટ અપાવી છે. જેથી સક્રિય મહિલા કાર્યકરોમાં ગણગણાટ ઉભો થયો છે.

#### ત્રણેય પાલિકાના પૂર્વ કાઉન્સિલર્સમાં કચવાટ

આણંદ, વિદ્યાનગર અને કરમસદ નગરપાલિકામાં પહેલેથી જ પાટિદારોની સભ્ય સંખ્યા વધુ હતી. આણંદમાં એટલે સુધી કે નાનું અને મોટું અડધ જ પ્રમુખ - ઉપપ્રમુખ બને તેવો સિલસિલો વરસો સુધી ચાલ્યો હતો. જ્યારે પાલિકામાં મહત્વના હોદ્દા પર પણ મહદ્ અંશે પાટિદારોના ફાળે જતાં હતાં. પરંતુ આ ત્રણેય પાલિકાનો મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવતા સભ્ય સંખ્યામાં ઘટાડો થયો છે. તેમાંય 28 ટકા ઓબીસી અનામત થતાં વધુ કપાત થઇ છે. આમ, એક સમયે મહત્વના હોદ્દા પર દબદબો ધરાવતા નેતાઓ હવે માત્ર સંગઠન પુરતાં જ મર્યાદિત રહ્યાં છે.

### લુણાવાડામાં ભવ્ય જનસંપર્ક અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

# મહીસાગર જિલ્લા પોલીસનો વ્યાજખોરો સામે હલ્લાબોલ!

**પોલીસ અને** વિવિધ બેંકોએ વ્યાજખોરોના વિષચક્રમાંથી મુક્ત થવા માર્ગદર્શન આપ્યું



(પ્રતિનિધિ) લુણાવાડા તા.11

મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર નાણાં ધીરનાર વ્યાજખોરોનો ત્રાસ નાબૂદ કરવા અને સામાન્ય જનતાને આર્થિક શોષણમાંથી મુક્તિ અપાવવા માટે જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનના અધ્યક્ષ સ્થાને લુણાવાડા સ્થિત બેતાલીસ પાટીદાર સમાજ ઘર ખાતે ગેરકાયદે નાણાં ધિરાણ વ્યાજખોરી વિરુદ્ધ જનસંપર્ક અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવા અને લુણાવાડા ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર વી. આર. સોનારા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ નાગરિકોને વ્યાજખોરોના ત્રાસ સામે કાયદાકીય રક્ષણ મેળવવા અને કોઈપણ ડર રાખ્યા વગર પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કર્યા હતા. સરળતાથી અને ઓછા વ્યાજે ધિરાણ મળી રહે તે માટે આ કાર્યક્રમમાં ખાનગી બેંક અને પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંક જેવી અગ્રણી સરકારી અને ખાનગી બેંકોના પ્રતિનિધિઓ પણ જોડાયા હતા. બેંકો દ્વારા ખાસ હેલ્પ ડેસ્ક ઊભા કરી લોકોને પર્સનલ લોન, વ્યવસાયિક લોન અને સરકારી સબસિડી વાળી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# ઉમરેઠ ને ખંભોળજ પંથકમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ કરાયું



(પ્રતિનિધિ) ઉમરેઠ તા.11

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે પોલીસ હરકતમાં આવી છે. એસડીપીઓ જે.ડી. બ્રહ્મભટ્ટ અને સીપીએમએફના 45 જવાનોએ સુંદલપુરા, ધૂળેટા અને ખંભોળજ ગામોમાં સઘન પેટ્રોલિંગ કર્યું હતું. સુરક્ષા દળો દ્વારા મહોલ્લા મીટીંગ યોજીને ગ્રામજનો સાથે સંવાદ કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરાઈ હતી. મતદારો કોઈપણ ભય વગર નિર્ભયતાથી મતદાન કરી શકે તેવો વિશ્વાસ પોલીસ તંત્ર દ્વારા અપાયો હતો.

### બેડવલ્લી ગામ વિકાસથી વંચિત રહેતા ગ્રામજનોનોએ તંત્ર સામે મોરચો માંડ્યો

# બેડવલ્લી ગામમાં કામ નહીં તો વોટ નહીં : ચૂંટણી બહિષ્કારનું એલાન

**ગામના પ્રવેશદ્વારે** બોર્ડ મારી નેતાઓની એન્ટ્રી પર પ્રતિબંધ લાદ્યો



(પ્રતિનિધિ) લુણાવાડા તા.11

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટાણે જ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બેડવલ્લી ગામમાં વહીવટી તંત્ર અને રાજકીય નેતાઓ સામે રોષનો જ્વાળામુખી ફાટ્યો છે. વર્ષોથી પાયાની સુવિધાઓ માટે ટળવળતા અને ભ્રષ્ટાચારથી કંટાળેલા ગ્રામજનોએ આ વખતે નેતાઓને પાઠ ભણાવવા ‘ચૂંટણી બહિષ્કાર’નું આક્રમક શસ્ત્ર ઉગામ્યું છે.

ખાનપુરના બેડવલ્લી ગામના પ્રવેશદ્વાર પર જ ગ્રામજનોએ મોટા બોર્ડ લગાવી દીધા છે, જેમાં સ્પષ્ટ લખ્યું છે કે કોઈપણ પક્ષના નેતાએ પ્રચાર માટે ગામમાં પગ મૂકવો નહીં. ગામમાં રોડ-રસ્તા અને પાણી જેવી પાયાની સુવિધાઓનો સદંતર અભાવ છે. આશ્ચર્યજનક વાત એ છે કે સરકારની ‘નલ સે જલ’ જેવી મહત્વકાંક્ષી યોજના અહીં માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે, જ્યારે વાસ્તવિકતામાં ગ્રામજનો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે.

બેડવલ્લી ગામમાં થયેલા વિકાસના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ છેલ્લા એક વર્ષથી તાલુકા અને જિલ્લા કક્ષાએ અનેક રજૂઆતો કરી છે, પરંતુ નિંભર અધિકારીઓએ મૌન સેવી લીધું છે. ગામના અગ્રણી પ્રવીણભાઈ પટેલે સત્તાવાળાઓને લપડાક મારતા જણાવ્યું છે કે, જો ભ્રષ્ટાચારની તપાસ નહીં થાય અને સુવિધાઓ નહીં મળે, તો આખું ગામ મતદાનથી અળગું રહેશે. તંત્ર દ્વારા કરવામાં આવેલી આ સતત અવગણના હવે આગામી ચૂંટણીમાં નેતાઓ અને વહીવટકર્તાઓ માટે મોટી આફત બની શકે તેમ છે.

# નડિયાદના વલેટવામાં પડોશી દંપતીનો હુમલો, ત્રણ ઘાયલ

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

નડિયાદ તાલુકાના વલેટવા ગામે રસ્તા પર મેટલ નાખવા જેવી સામાન્ય બાબતે ઠપકો આપતા પડોશમાં રહેતા દંપતીએ એક શખ્સ અને તેમની પત્ની સહિત વચ્ચે પડનાર પાડોશી પર હુમલો કર્યો હતો. જેમાં 3 વ્યક્તિને ઈજા પહોંચી હતી. આ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વલેટવા ગામે રહેતા હિતેશભાઈ વાઘેલા સવારે પોતાની દીકરીને એક્ટિવા પર કોલેજ મૂકવા જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં મેટલ નાખ્યું હોવાથી તેમણે પડોશી કેતનભાઈ વાઘેલાને ઠપકો આપ્યો હતો. આ વાતથી ઉશ્કેરાઈને કેતનભાઈએ હિતેશભાઈ સાથે ઝઘડો કરી ગડદાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા પાડોશી ભરતભાઈને પણ કેતનભાઈએ હાથે બચકું ભરી લીધું હતું.

આ ઝઘડો વધતા કેતનભાઈની પત્ની પાયલબેન પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને હિતેશભાઈના પત્ની દક્ષાબેનના વાળ પકડી હોઠના ભાગે પાવડાનો દસ્તો મારી દેતા તેઓ લોહીલુહાણ થયા હતા. આસપાસના લોકોએ દોડી આવી વધુ માર પડતો અટકાવ્યો હતો, પરંતુ હુમલાખોર દંપતી જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી ગયું હતું. આ હુમલામાં ઈજાગ્રસ્ત હિતેશભાઈ અને તેમના પત્નીને સારવાર માટે 108 મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. આ મામલે વડતાલ પોલીસે કેતનભાઈ અને પાયલબેન વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ‘કૃષિમાં હવામાનનું મહત્વ’ વિષય પર ખેડૂત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના અરણેજ સ્થિત કૃષિ સંશોધન કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેતીમાં હવામાનના બદલાતા પરિબળો અને તેના મહત્વ વિશે ખેડૂતોને વિસ્તૃત જાણકારી આપી જાગૃત કરવાનો હતો. આ આયોજન દ્વારા ખેડૂતોને હવામાન આધારિત આધુનિક ખેતી પદ્ધતિઓ સમજવા અને અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### ચારુસેટ અને ગાંધીધામ કોલેજીયેટ બોર્ડ વચ્ચે શૈક્ષણિક - સંશોધન સહકાર માટે એમઓયુ કરાયાં

**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી અને ગાંધીધામ કોલેજીયેટ બોર્ડ (આદિપુર) વચ્ચે શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે સહયોગ વધારવા મહત્વપૂર્ણ એમઓયુ કરવામાં આવ્યા છે. આ કરાર પર ચારુસેટના રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલ અને ગાંધીધામ કોલેજીયેટ બોર્ડના વહીવટી વડા રાજેન્દ્ર અસ્વાનીએ હસ્તાક્ષર કર્યા હતા. આ સમજૂતીથી બંને સંસ્થાઓની વિવિધ કોલેજોના આશરે 20 હજારથી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સંશોધન અને જ્ઞાનના વિનિમયનો લાભ મળશે. એમઓયુ અંતર્ગત આગામી સમયમાં સંયુક્ત સંશોધન, ફેકલ્ટી-સ્ટુડન્ટ એક્સચેન્જ અને સેમિનાર જેવા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોના આયોજનને પ્રોત્સાહન અપાશે.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં જીકાસ એડમિશન પ્રક્રિયા અંગે તાલીમ યોજાઈ




**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે જીકાસ પોર્ટલના રજીસ્ટ્રેશન અંગે કોલેજ કો-ઓર્ડીનેટરો માટે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કુલપતિ ડો. નિરંજન પટેલ અને જીકાસ ટીમ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવા, કોલેજ પસંદગી અને માર્કશીટ અપલોડ કરવા જેવી પ્રક્રિયાઓનું વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. આ નવી વ્યવસ્થા હેઠળ ગુજરાતનો કોઈપણ વિદ્યાર્થી ઘરે બેઠા ઓનલાઈન ફોર્મ ભરી શકશે અને પસંદગીની કોલેજમાં ડોક્યુમેન્ટ ચકાસણી કરાવી પ્રવેશ મેળવી શકશે. એમ.પી. પટેલ ઓડિટોરીયમમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સલગ્ન કોલેજોના આચાર્યો અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને તેમની મુંઝવણોનું નિરાકરણ કરવામાં આવ્યું હતુ.

### નડિયાદની વિદ્યાર્થિનીએ આંતરરાષ્ટ્રીય ‘રંગોત્સવ’ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું



**નડિયાદ |** નડિયાદની ઇટીએસ શાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની શબનુર સોહેલ મેમણે આંતરરાષ્ટ્રીય સ્તરની ‘રંગોત્સવ’ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય મંચ પર ઝળકીને તેણે પોતાની શાળા અને નડિયાદ શહેરનું નામ રોશન કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી દ્વારા વિદ્યાર્થિનીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. શબનુરની આ અપ્રતિમ સફળતાને કારણે તેના પરિવાર અને શાળાના શૈક્ષણિક સ્ટાફમાં ભારે આનંદ અને ગર્વની લાગણી વ્યાપી છે.

### કપડવંજમાં બાવરી સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ: હિંમતનગરની ટીમ વિજેતા



**કપડવંજ |** કપડવંજના મુખયાજી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દિનેશભાઈ અને ઉત્તમકુમાર જેસાણી દ્વારા બાવરી સમાજની ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમદાવાદ, મોડાસા, ઇડર અને હિંમતનગર સહિત કુલ 18 ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રોમાંચક ફાઈનલ મેચમાં હિંમતનગરની ટીમે મોડાસાને હરાવીને ચેમ્પિયન ટ્રોફી પર પોતાનો કબજો જમાવ્યો હતો. આ પ્રસંગે વડોદરાથી સમાજના અગ્રણી ભીમાભાઇ ડેભાવાળાએ ખાસ ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરી તેમનું ગૌરવ વધાર્યું હતું.

### કપડવંજની વેણીપુરા પ્રા. શાળામાં ધો.5ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



**કપડવંજ |** કપડવંજની વેણીપુરા પ્રાથમિક શાળામાં SMC અધ્યક્ષ દિનેશભાઈ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં ધોરણ-5ના બાળકોનો વિદાય સમારંભ સંપન્ન થયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું અને શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક પરિવાર દ્વારા બાળકો માટે કચોરી અને સમોસાના નાસ્તાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે શાળાના બાળકો ખૂબ પ્રગતિ કરે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તેવી પ્રાર્થના સાથે વિદાય આપવામાં આવી હતી.

### કપડવંજના ડો. નાઝનીના રાણાનું મહિલા સ્વાભિમાન ટેલેન્ટમાં સન્માન કરાયું




**કપડવંજ |** અમદાવાદ ખાતે તનઝીલા શેખ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ‘મહિલા સ્વાભિમાન ટેલેન્ટ શો 2026’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એપીક ફાઉન્ડેશનના સહયોગથી વિવિધ ક્ષેત્રની મહિલાઓને તેમના કાર્યો બદલ સન્માનિત કરવામાં આવી અને બાળકોને ટ્રોફી તથા સર્ટિફિકેટ એનાયત કરાયા હતાં. આ મુખ્ય મહેમાન ડો. નાઝનીન રાણાએ પોતાના પ્રવચનમાં સ્ત્રીઓને સમાજમાં આગળ લાવવા અને તેમને પ્રોત્સાહિત કરવા માટે ઉપસ્થિત લોકોને પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં મિલનભાઈ વાઘેલા, નાહીદ ફાતેમા અને અન્ય મહાનુભાવોની હાજરીમાં મહિલા શક્તિ અને પ્રતિભાનો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

### કપડવંજ ખાતે સાવિત્રીબાઈ ફૂલે મહિલા સંગઠન દ્વારા ‘માતૃશક્તિ વંદના’ કાર્યક્રમ ઉજવાયો



**કપડવંજ |** કપડવંજમાં સાવિત્રીબાઈ ફૂલે મહિલા સંગઠન દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે સવાસો વણકર સમાજની વાડી ખાતે ‘માતૃશક્તિ વંદના’ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્ત્રી શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સાવિત્રીબાઈ ફૂલેના જીવન સંઘર્ષ વિશે ઉપસ્થિત મહિલાઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન નીતાબેન રાવલે સ્ત્રીઓને પોતાના સ્વાસ્થ્ય અને શરીરની સંભાળ રાખવા અંગે સચોટ સમજ આપી હતી, જ્યારે પન્ના ભગિનીએ વ્યાયામનું મહત્વ સમજાવ્યું હતું. દીપ પ્રાગટ્યથી શરૂ થયેલા આ કાર્યક્રમનું સફળ સંચાલન જીગીશાબેન મકવાણાએ કર્યું હતું અને દાતાનો આભાર માની સૌ છૂટા પડ્યાં હતાં.

### મહીસાગરમાં ચૂંટણી સંદર્ભે શાળાના બાળકો દ્વારા મતદાન જાગૃતિ અભિયાન તેજ



**લુણાવાડા |** મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જનભાગીદારી વધારવા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ ‘સ્વીપ’ પ્રવૃત્તિઓ અને જાગૃતિ કાર્યક્રમો આદરાયા છે. પ્રાથમિક શાળાઓમાં ચિત્ર, રંગોળી, વકૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓને લોકશાહીમાં મતના મૂલ્ય વિશે સમજ આપવામાં આવી રહી છે. ‘મારો મત, મારો અધિકાર’ ના નારા સાથે યોજાયેલી રેલીઓમાં પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચાર દ્વારા વાલીઓ તેમજ ગ્રામજનોને અચૂક મતદાન કરવા અપીલ કરાઈ છે. આ પરિણામલક્ષી પ્રયાસોમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાઈને પાયાના સ્તરે લોકજાગૃતિ પ્રસરાવી રહ્યા છે.

### મહીસાગર જિલ્લામાં ‘ટીબી મુક્ત ભારત અભિયાન’નો ભવ્ય પ્રારંભ કરાયો



**લુણાવાડા |** વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થ દ્વારા જનજાગૃતિ રેલીને લીલી ઝંડી આપી 100 દિવસીય સઘન ઝુંબેશનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ અભિયાન હેઠળ જિલ્લાના 177 હાઈ રિસ્ક ગામોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સક્ષમ એક્સ-રે મશીનો દ્વારા 100 ટકા સ્ક્રીનિંગ કરી વહેલું નિદાન કરવામાં આવશે. ‘નિક્ષય વાહન’ અને આયુષ્માન આરોગ્ય શિબિરો દ્વારા અંતરિયાળ વિસ્તારો સુધી તપાસની સુવિધા પહોંચાડી દર્દીઓને ન્યુટ્રીશન કીટ્સ પણ પૂરી પાડવામાં આવશે. વર્ષ 2025-26 સુધીમાં ટીબી મુક્ત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે ‘ટીબી હારેગા, દેશ જીતેગા’ના સંકલ્પ સાથે આ જનઆંદોલન શરૂ કરાયું છે.

### આણંદમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બ્લડ અને નિ:શુલ્ક ટિફિનની સુવિધા ઉભી કરાશે



**આણંદ |** સમસ્ત બ્રહ્મ સમાજ (માતૃ સંસ્થા) યુવા મોરચા દ્વારા ગુજરાતના દરેક જિલ્લા મથકે બ્રહ્મ પરિવારોને ઇમરજન્સીમાં લોહી અને દર્દીઓને નિશુલ્ક ટિફિન મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.યુવા પ્રમુખ મનોજભાઇ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, સમાજના પરિવારોને આયુષમાન કાર્ડ સહિતના સરકારી લાભો સરળતાથી મળી રહે તે માટે પણ યુવા ટીમ વિશેષ પ્રયત્નો કરશે. પ્રમુખ શૈલેષભાઇ ઠાકર અને અન્ય વરિષ્ઠ આગેવાનોના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતની યુવા ટીમ એકરૂપ થઈને સમાજની સેવા માટે સક્રિયપણે કાર્યરત રહેશે.